# વૈકલ્પિક આવાસ મુદ્દે ચોક્કસ અધિકારીઓ મનપા કમિશનરને ગેરમાર્ગે દોરે છે!

**નદી** કિનારા, ખાડી કિનારા અને વિકાસ કામોને નડતરરૂપ ઝૂંપડા માટે જ વૈકલ્પિક આવાસની જોગવાઇ છે: અસમલ સાયકલવાળા

સુરતઃ કતારગામના વિવાદાસ્પદ નાસિર નગર ડિમોલિશન પ્રકરણમાં અસરગ્રસ્તોને આવાસ ફાળવણીના મુદ્દે સુરત રાજકારણ ગરમાયું છે. પૂર્વ કોર્પોરેટર અને કોંગ્રેસ અગ્રણી અસલમ સાયકલવાલાએ મ્યુનિસિપલ કમિશનર રાજકુમાર બેનિવાલને પત્ર લખીને ગંભીર આક્ષેપ કર્યો છે કે, મનપાના અમૂક ચોકક્સ અધિકારીઓ કમિશનરને ગેરમાર્ગે દોરીને કેસ ગૂંચવી રહ્યા છે.

હાઈકોર્ટમાં કમિશનરે જણાવ્યું હતું કે વૈકલ્પિક આવાસ આપવા માટેની કોઈ પોલિસી નથી. આ અંગે કમિશનરનું ધ્યાન દોરતા સાયકલવાલાએ જણાવ્યું કે, મનપાની સ્થાયી સમિતિ દ્વારા ૨૮ ડિસેમ્બર ૨૦૦૭ના રોજ ઠરાવ નંબર ૧૮૩૮/૨૦૦૭ મંજૂર કરાયો છે. આ સત્તાવાર પોલિસી મુજબ નદી, ખાડી કિનારે કે રસ્તામાં નડતરરૂપ ઝૂંપડપટ્ટીના પરિવારોને વૈકલ્પિક EWS આવાસ આપવાના થાય છે. ભૂતકાળમાં (૧૯૭૫થી ૨૦૦૦ સુધી) પણ મનપાએ વિકાસ કામોમાં નડતરરૂપ પરિવારોને પાંડેસરા, કોસાડ, ભેસ્તાન અને રાંદેર સહિતના વિસ્તારોમાં ખુલ્લા પ્લોટ તથા આવાસોની ફાળવણી કરી છે.

જો કે જો કે 2007ના ઠરાવમાં જેએનયુઆરએમ સ્કીમ હેઠળ માત્ર નદી કિનારા, ખાડી કિનારા અને વિકાસ કામોને નડતરરૂપ ઝુંપડાઓ માટે જ વૈકલ્પિક આવાસની જોગવાઈ છે તેવુ મનપાના સુત્રો જણાવી રહયા છે.

# દાયકો થઈ જવા છતાં ચોક ચાર રસ્તાનો હેરિટેજ સ્ક્વેર બન્યો નથી ! હવે ભાગળને બનાવવા માંગ

**કોર્પોરેટર** સંદીપ ચલકવાલાએ ક્લોક ટાવરના રિસ્ટોરેશન સાથે ભાગળથી રાજમાર્ગને હેરિટેજ સ્ક્વેર વિકસાવવા રજૂઆત કરી



સુરતઃ સુરત મહાનગરપાલિકાના ભાજપના શાસકોની અણઘડ નીતિઓ અને કરોડો રૂપિયાના આંધણ બાદ દાયકા પછી પણ ચોકબજાર હેરિટેજ સ્ક્વેર પ્રોજેક્ટના હજુ સુધી કોઈ ઠેકાણાં નથી. કરોડોનો ધુમાડો કર્યા પછી પણ જૂના પ્રોજેક્ટ પૂરા કરવામાં સદંતર નિષ્ફળ ગયેલા પાલિકાના કોર્પોરેટરો હવે જનતાના ટેક્સના પૈસા વેડફવા માટે નવા તૂત ઊભા કરી રહ્યા છે. જે ભાગળ ચાર રસ્તા પર ભારે ટ્રાફિકના કારણે પગ મૂકવાની પણ જગ્યા નથી, તેને 'હેરિટેજ સ્ક્વેર' તરીકે વિકસાવવાની વિચિત્ર માંગણી ઊઠતા જાગૃત નાગરિકોમાં તંત્રની બુદ્ધિ સામે સવાલો ઊઠી રહ્યા છે.

પાલિકાના વોર્ડ નં.૧૩ના શાસક પક્ષના જ કોર્પોરેટર સંદીપ ચલકવાલાએ મ્યુનિસિપલ કમિશનર અને સ્થાયી સમિતિના અધ્યક્ષને પત્ર લખીને આ અણઘડ રજૂઆત કરી છે. વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં ઐતિહાસિક ક્લોક ટાવરના રિસ્ટોરેશન માટે જોગવાઈ કરાતા જ, નેતાઓએ લાઈટિંગ અને ફોટો પોઈન્ટના નામે ફરી મોટો ખર્ચો મંજૂર કરાવવા દોડધામ શરૂ કરી દીધી છે. વર્ષોથી બંધ પડેલા ક્લોક ટાવરના ઘંટને પુનઃકાર્યરત કરવા જેવી પ્રાથમિક કામગીરી વર્ષો સુધી અટવાઈ પડી રહી અને હવે તેના બ્યુટિફિકેશનના બણગાં ફૂંકવામાં આવી રહ્યા છે. આટલું જ નહીં, રેલવે સ્ટેશનથી દિલ્હીગેટ અને ચોકબજાર સુધીના અતિ વ્યસ્ત રાજમાર્ગને 'એકસમાન હેરિટેજ લૂક' આપવાનો હવાઈ પ્રસ્તાવ રજૂ કરાયો છે. તહેવારો અને ઉજવણીના નામે સુરતીઓની લાગણીઓનો આડશ લઈ, ટ્રાફિકથી ખદબદતા ભાગળ ચાર રસ્તાને હેરિટેજ સ્ક્વેર બનાવવાની જીદ પકડાઈ છે.

વાસ્તવિકતા એ છે કે, સુરતનો અસલી ઐતિહાસિક વારસો જાળવવામાં મનપા સદંતર નાકામ સાબિત થઈ છે અને હવે માત્ર બજેટના કરોડો રૂપિયા સગેવગે કરવા માટે આવા અશક્ય પ્રોજેક્ટોની લહાણી કરવામાં આવી રહી હોવાનો ગણગણાટ શરૂ થયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અડાજણ અનાવિલ સહિયર સખા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગરબા સ્પર્ધા યોજાઇ



સુરતઃ અડાજણ અનાવિલ સહિયર સખા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગરબા સ્પર્ધાનું આયોજન દયાળજી કેળવણી મંડળ ખાતે ગત તા.18મીના રોજ રવિવારે કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના અંતે ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ વય જૂથમાં વિજેતા થયેલા ભાઈ બહેનોને ઇનામો આપવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે ચિંતન વશી અને પાયલ દેસાઈ જોશીએ સેવા આપી હતી. અગાઉ આયોજિત કરવામાં આવેલી ગણપતિ ઉત્સવની સ્પર્ધાનું પણ ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૩૦૦થી વધુ અનાવિલ ભાઈ બહેનોએ ઉત્સાહ પૂર્વક ટ્રેડિશનલ લૂકમાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### પદ્મશ્રી યઝદીભાઈ કરંજીયાની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા નાટ્ય ગોષ્ઠી યોજાઈ



સુરતઃ રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા રવિવારે 'નાટ્ય ગોષ્ઠી'નું આયોજન વજુભાઈ ટાંક હોલ મુકામે યોજવામાં આવ્યું હતું. નાટ્ય ગોષ્ઠીમાં મુખ્ય વકતા નાટયવિદ્ વિહંગ મહેતા રહ્યા હતા. 'વિલન' નાટકના લેખક પંકજ પાઠકજીએ નાટકનો થીમ અને એ નાટક પાછળનુ હાર્દ સમજાવ્યું હતું. પ્રમુખ સ્થાનેથી પદ્મશ્રી યઝદીભાઈ કરંજીયાએ નાટય કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા. શરૂઆતમાં પ્રમુખ રૂપીન પચ્ચીગરે સંસ્થાની નાટયક્ષેત્રે કરેલી અનેક પ્રવૃત્તિનો ચિતાર આપી કહ્યું હતું કે, છેલ્લા ૭૩ વર્ષથી ચાલતી રાષ્ટ્રીય કલા કેન્દ્રના મૂળમાં નાટય પ્રવૃત્તિ રહી છે. ઘરતી ચિનોઈએ પરિચય અને મુકુંદ કિનાખાબવાળાએ આભારવિધિ આટોપી હતી. 'વિલન' નાટકના તમામ કલાકારો ઉપરાંત હિમાંશુ ભટ્ટ, પ્રવિણ સરાધિયા, નરેશ કાપડિયા, રાજન ભટ્ટ, ઉર્જીતા કિનારીવાળા, તેજસ ટેલર, શાંતિભાઈ મિસ્ત્રી, નિલય જોખાકર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### દર્દીઓની સુવિધા માટે સુરત મનપાની એક નવી પહેલ

# સ્મીમેરમાં ટીવી સ્ક્રીન પર જ તબીબોના ફોટા, નામ, હોદ્દાની વિગતો જોવા મળશે

**ઓપીડીની** બહાર લગાવેલી સ્ક્રીનથી દર્દીઓ અને સગાંઓને સંબંધિત ડોક્ટરને ઓળખવામાં સરળતા રહેશે

સુરત : સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં હવે વિવિધ ઓપીડીની બહાર લગાવવામાં આવેલી ટીવી સ્ક્રીન પર હવે ફરજ પર હાજર ડોક્ટરોના ફોટા, નામ અને હોદ્દા સહિતની વિગતો પ્રદર્શિત કરવામાં આવશે.

સ્મીમેર હોસ્પિટલમાં ઓર્થો, સર્જરી, મેડિસીન, કાન, નાક, ગળા, આંખ સહિતની વિવિધ ઓપીડીમાં દરરોજ મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવતા હોય છે. આવી સ્થિતિમાં દર્દીઓ અને તેમના સગાંઓને કઈ ઓપીડીમાં કયા ડોક્ટર ફરજ પર હાજર છે અને તેમની ઓળખ કેવી રીતે કરવી તે અંગે ઘણી વખત મુશ્કેલી પડતી હોય છે. આ સમસ્યાના ઉકેલ માટે ઓપીડીની બહાર લગાવવામાં આવેલી ટીવી સ્ક્રીન પર ડોક્ટરોની ઓળખ સંબંધિત વિગતો દર્શાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થા હેઠળ ડોક્ટરોના ફોટા, નામ અને હોદ્દા ઉપરાંત તેઓ કયા વિભાગમાં ફરજ બજાવે છે તેની માહિતી પણ પ્રદર્શિત કરવામાં આવશે. દરરોજ ઓપીડીમાં ફરજ પર હાજર રહેતા ડોક્ટરોની વિગતો સ્ક્રીન પર દર્શાવવામાં આવશે, જેથી દર્દીઓને યોગ્ય તબીબ સુધી પહોંચવામાં સરળતા રહે.

સ્મીમેર હોસ્પિટલના સિનિયર આરએમઓ ડો. જયેશ પટેલે જણાવ્યું હતું કે, હોસ્પિટલને વધુ સુવ્યવસ્થિત બનાવવા અને દર્દીઓને સરળતાથી સારવાર મળી રહે તે હેતુથી વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હોસ્પિટલમાં કોર્પોરેટ હોસ્પિટલની જેમ સુવિધાજનક વ્યવસ્થાઓ ઊભી કરવા ઉપરાંત મેનેજમેન્ટ સિસ્ટમને પણ વધુ અસરકારક બનાવવાની દિશામાં કામગીરી ચાલી રહી છે. દર્દીઓને સંબંધિત ડોક્ટરની ઓળખ કરવામાં મુશ્કેલી ન પડે તે માટે ટીવી સ્ક્રીન પર ડોક્ટરોની વિગતો દર્શાવવાની વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. આ પહેલથી દર્દીઓ અને તેમના સગાંઓનો સમય બચવાની સાથે હોસ્પિટલમાં વ્યવસ્થાપન વધુ સરળ બનવાની અપેક્ષા છે. ખાસ કરીને દરરોજ મોટી સંખ્યામાં દર્દીઓ આવતા હોવાથી આ પ્રકારની માહિતીપ્રદ વ્યવસ્થા દર્દીઓ માટે ઉપયોગી સાબિત થઈ શકે છે.

### રવિવારી બજારમાં 'રવિ'નું જોર: ગરમીથી બચવા છત્રીઓનો સહારો



શિયાળાનો સમય થઈ ગયો છતાં ઠંડી હજુ પણ ગાયબ છે, તો બીજી તરફ ગરમી જાણે તકનો લાભ લઈ જોશમાં વરસી રહી છે. ચોકબજાર રવિવારી બજારમાં આ ખૂલેલી છત્રીઓ રવિ (સૂર્ય)ની આકરી ગરમીનો પરચો આપી રહી છે.

### ચલમવાડ યુવક મંડળના રક્તદાન કેમ્પમાં 1201 યુનિટ રક્ત એકત્રિત



સુરત : તહેવારોના દિવસોમાં રક્તની અછતને પહોંચી વળવા અને જરૂરિયાત મંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે તેવા ઉદ્દેશ સાથે સલાબતપુરા સ્થિત ચલમવાડ યુવક મંડળ દ્વારા સિંગાપુરીની વાડી ખાતે રક્તદાન શિબિર યોજવામાં આવી હતી. સુરત રક્તદાન કેન્દ્રના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં રક્તદાતાઓના ઉત્સાહભર્યા સહયોગથી 1201 યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. ચલમવાડ યુવક મંડળ દ્વારા છેલ્લા 22 વર્ષથી દિવાળીના આશરે પંદર દિવસ પહેલાં આ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. દિવાળીના તહેવારો દરમિયાન રક્તની ઉપલબ્ધતા જળવાઈ રહે અને કટોકટીના સમયે દર્દીઓને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે હેતુથી મંડળ દ્વારા આ સેવાકીય પરંપરા જાળવવામાં આવી રહી છે.

### બૌધાનમાં પાંચ દિવસીય અતિરુદ્ર યજ્ઞનું આયોજન, 145 ભૂદેવો આપશે આહુતિ



સુરતઃ સુરત જિલ્લાના અંકલેશ્વર તાલુકાના બૌધાન ગામે આવેલા સિંહસ્થ પર્વ તીર્થધામ શ્રી ગૌતમેશ્વર મહાદેવ મંદિરે તા. 30 ઓક્ટોબરથી 3 નવેમ્બર, 2026 દરમિયાન પાંચ દિવસીય અતિરૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. ગૌતમેશ્વર મહાદેવ પરિવાર દ્વારા આયોજિત આ યજ્ઞમાં મુખ્ય પ્રધાન આચાર્ય તરીકે સુરતમાં તપસ્વી વેદ વિદ્યાલય ચલાવતા વેદમૂર્તિ તેજસભાઈ ભોગાયતાની ઉપસ્થિતિમાં આશરે 145 ભૂદેવો યજ્ઞમાં આહુતિ આપશે. આયોજકો દ્વારા ધર્મપ્રેમી ભક્તજનોને યજ્ઞમાં સહભાગી બની દર્શન અને ધાર્મિક લાભ લેવા જણાવાયું છે.

### એલાઈન્સ ક્લબ દ્વારા વૃદ્ધાશ્રમમાં ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો



સુરતઃ સુરત સ્થિત પ્રાણજીવનદાસ ભગત વૃદ્ધાશ્રમ અને શ્રી મોઢેશ્વરી માતા ચેરીટેબલ ટ્રસ્ટના મંદિરના પરિસરમાં વૃદ્ધાશ્રમમાં રહેતા સિનિયર સિટીઝન ભાઈઓ અને બહેનો સમક્ષ ક્લબ નિર્મલમ સુરત દ્વારા સુર સંગીતથી સાંજ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રદીપ કલકત્તાવાળા, પરેશ ભાટિયા, પંકજ માંજરાવાળા અને અરુણાબેન શાહે ગીતો રજૂ કર્યા હતા. જ્યારે પ્રમુખ જયેશભાઈ ઝવેરી સાથે એલાઇન્સના પ્રફુલભાઈ મોદી (ધીરજ સન્સ) સહિતના અન્ય હોદ્દેદારોએ હાજરી આપી અને વૃદ્ધાશ્રમના રહીશો માટે બિસ્કીટના જથ્થો અર્પણ કરવામાં આવ્યો હતો.

# સિંગણપોર-ડભોલી લિંક રોડ પર ગેરકાયદે દબાણોનો રાફડો

**શિવાન** એવન્યુ સોસાયટી પાસેનાં આ દબાણોના કારણે ટ્રાફિક, ગંદકીની સમસ્યા, મનપાના અધિકારીઓ રજૂઆત પછી પણ મૌન

સુરતઃ સુરતના સિંગણપોર-ડભોલી લિંક રોડ પર આવેલી શિવાન એવન્યુ સોસાયટીના રહીશો સ્થાનિક વહીવટી તંત્રની ઘોર ઉપેક્ષા અને ગેરકાયદે દબાણ કરનારા તત્ત્વોના ત્રાસથી તોબા પોકારી ઉઠ્યા છે.

સોસાયટીના રહીશ અમરસિંહ અવૈયા સહિતના સ્થાનિકોનો આક્ષેપ છે કે બિલ્ડરે જે જગ્યા સોસાયટીના સભ્યોને વાપરવા માટે આપી છે, ત્યાં ગેરકાયદે કબજો જમાવી દેવાયો છે. આ દબાણોના કારણે સોસાયટીનો મુખ્ય રસ્તો બ્લોક થઈ જાય છે અને ગંભીર ટ્રાફિક સમસ્યા સર્જાય છે. વધુમાં, ત્યાં ફેલાતી ભયાનક ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે, જેથી નાના બાળકો અને વડીલો ગંભીર બીમારીઓનો ભોગ બની રહ્યા છે..

સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે જ્યારે સોસાયટીના રહીશો આ ગેરકાયદે પ્રવૃત્તિઓ અને દબાણ કરનારાઓ સામે વિરોધ પ્રદર્શિત કરે છે, ત્યારે તેમને ખુલ્લેઆમ ધમકીઓ આપવામાં આવે છે. રહીશોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે આ બાબતે સુરત મહાનગરપાલિકામાં અગાઉ પણ અનેક વખત લેખિત અરજીઓ અને ફરિયાદો કરવામાં આવી છે, પરંતુ મનપાના જવાબદાર અધિકારીઓ કોઈ અકળ કારણોસર મૌન સાધીને બેઠાં છે અને કોઈ યોગ્ય સુનાવણી કે નક્કર કામગીરી કરવામાં આવતી નથી. રહીશોએ હવે ચીમકી ઉચ્ચારી છે કે જો તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ ગેરકાયદે દબાણો તોડી પાડવામાં નહીં આવે તો તેઓ ઉગ્ર આંદોલન તરફ આગળ વધશે.

# ઈજારદાર પર શોષણના આક્ષેપ સાથે ડિંડોલી કચરા પ્લાન્ટના મજૂરોની હડતાળ

**મજૂરોનાં** ઝૂંપડાંમાં આગ લાગ્યા બાદ 24 કલાકમાં રાશન, કપડાં, રહેણાકની વ્યવસ્થાનો વાયદો પૂરો નહીં થતાં 160 મજૂરો વિફર્યા

સુરતઃ સુરત મહાનગર પાલિકાના લિંબાયત ઝોન હેઠળ આવેલા ડિંડોલી કચરા પ્લાન્ટમાં પ્રાથમિક સુવિધાઓના અભાવ અને શ્રમિકોના શોષણનો મોટો વિવાદ સામે આવ્યો છે. પ્લાન્ટમાં કાર્યરત ૧૬૦થી વધુ કચરાગાડીઓના ચાલકો અને મજૂરો પોતાની પડતર માંગણીઓ સાથે સામૂહિક હડતાળ પર ઊતરી ગયા છે. જેના કારણે શહેરના કચરા વ્યવસ્થાપનની કામગીરી ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

થોડા દિવસો અગાઉ પ્લાન્ટના ગોડાઉન વિસ્તારમાં મજૂરોના ઝૂંપડાંમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં ગરીબ શ્રમિકોની ઘરવખરી, અનાજ, રાશન અને કપડાં સહિતનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ઘટના બાદ કોન્ટ્રાક્ટર દ્વારા ૨૪ કલાકમાં જ નવું રાશન, કપડાં અને રહેઠાણની (ઝૂંપડાં) વ્યવસ્થા કરી આપવાની ખાતરી આપવામાં આવી હતી. જોકે, આ વાયદાઓ માત્ર કાગળ પર જ રહેતાં અને સમયમર્યાદા વીતી જવા છતાં કોઈ મદદ ન મળતાં પીડિત પરિવારો અત્યંત કફોડી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે, જેને પગલે શ્રમિકોમાં ભારે આક્રોશ ફેલાયો છે.

હડતાળ પર ઊતરેલા મજૂરોની આગેવાની કરી રહેલા ભીલ સમાજ સુરત શહેરના પ્રમુખ હિતેશ શંકરભાઈ મોરડેએ ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું કે, જીગર ટ્રાન્સપોર્ટ કંપની અને મુખ્ય કોન્ટ્રાક્ટર દ્વારા શ્રમિકોનું સતત આર્થિક અને માનસિક શોષણ કરવામાં આવી રહ્યું છે. શ્રમિકો પાસેથી પૂરતું વેતન આપ્યા વિના ગેરકાયદે રીતે ભારે કામ લેવામાં આવે છે અને લાંબા સમયથી તેમને કાયદાકીય તેમજ પ્રાથમિક સુવિધાઓથી વંચિત રાખવામાં આવ્યા છે. શ્રમિકોએ આ સમગ્ર મામલે લેબર કમિશનર અને ફેક્ટરી ઈન્સ્પેક્ટર તાકીદે દરમિયાનગીરી કરે તેવી માંગ કરી છે. ન્યાય મેળવવા માટે મજૂરોએ આરપારની લડતનું એલાન કર્યું છે અને ચીમકી ઉચ્ચારી છે કે, જો આગામી દિવસોમાં તેમને યોગ્ય ન્યાય અને વળતર નહીં મળે તો તેઓ કલેક્ટર કચેરીનો ઘેરાવ કરશે અને આ મામલે નાયબ મુખ્યમંત્રી સમક્ષ પણ ઉગ્ર રજૂઆત કરવામાં આવશે.

## મોબાઈલ હેક: બેંક ખાતા, ક્રેડિટ કાર્ડમાંથી 1.43 લાખ સફાચટ

સુરતઃ સુરતના લસકાણા ગામે રામદેવનગરમાં રહેતા અને લસકાણામાં 'ગુજ્જુ ગેરેજ' ચલાવતા ઘેલાભાઈ ચાવડાનો મોબાઈલ ફોન હેક કરીને સાયબર ઠગોએ કુલ 1,43,999 રૂપિયાની છેતરપિંડી આચરી છે. તેમનો ફોન હેક કરી કોલ ફોરવર્ડિંગ દ્વારા ઠગોએ પહેલાં એક્સિસ બેંકના બચત ખાતામાંથી 73,000 રૂપિયા, જે અંગે હજુ તો સાઈબરમાં અરજી આપી જ હતી ત્યાં બીજા દિવસે ક્રેડિટ કાર્ડમાંથી 70,999 રૂપિયા ઉપાડી ગયા હોવાનો ઈ-મેલ આવ્યો હતો, તે તપાસતાં રકમ કપાઈ ગઈ હોવાનું જણાયું હતું. ઘટના અંગે વેપારીએ તાત્કાલિક બેંક ખાતું અને ક્રેડિટ કાર્ડ બ્લોક કરાવી સાયબર ક્રાઈમ હેલ્પલાઈનમાં બે અલગ-અલગ ઓનલાઈન ફરિયાદો નોંધાવી હતી. હાલ લસકાણા પોલીસ ટેકનિકલ સર્વેલન્સના આધારે વધુ તપાસ ચલાવી રહી છે.

# ફૈઝલ ફત્તા હત્યા: આરોપીના રિમાન્ડ રિવિઝનની સુનાવણીમાં IOને હાજર રહેવા કોર્ટનો નિર્દેશ

**આરોપી** મુબારકે કોર્ટમાં શરણાગતિ કર્યા બાદ રિમાન્ડ અરજી નામંજૂર થઇ હતી

**જેની** સામે પોલીસે રિમાન્ડ લેવા રિવિઝન અરજી કરી હતી

સુરતઃ મેમણ સમાજના અગ્રણી અને પ્રોપર્ટી ડીલર ફૈઝલ ફત્તાની ઘાતકી હત્યા કેસમાં આરોપી મુબારકની રિમાન્ડ રિવિઝન અરજીની આજે સુનાવણીમાં આગામી તા.૨૯-૧૦-૨૦૨૬એ તપાસ અધિકારીને હાજર રહેવાનો કોર્ટે નિર્દેશ આપ્યો હતો.

કોર્ટમાં હાજર થયેલાં મુબારકની રિમાન્ડ અરજી નામંજૂર થયા બાદ પોલીસે કલેક્ટરમાંથી અભિપ્રાય મેળવીને રિમાન્ડ રિવિઝન અરજી દાખલ કરી હતી. તા. ૩૧મી ઓગસ્ટે ફૈઝલ ફત્તાની ઘાતકી હત્યામાં અગાઉ ઝડપાયેલા અભિષેક ઉર્ફે રોહન ઉર્ફે ઘૂંઘરું રાજેન્દ્ર દેવરે, વસીમ ઉર્ફે વસિયો મોઈન શેખ, ગોકુલ ઉર્ફે કાલુ સંતોષ જાધવ અને કૈસરઅલી આબિદઅલી સૈયદને હત્યાની સોપારી સગરામપુરાના મુબારક ઉર્ફે મોબુ મજીદ પટેલે દસ લાખ રૂપિયામાં આપી હતી.

મુબારક પોલીસ પકડમાં આવવાને બદલે કોર્ટમાં શરણાગતિ કરી હતી. આ રિમાન્ડ રિવિઝનની સુનાવણીમાં આરોપી તરફે એડવોકેટ કલ્પેશ દેસાઈ, ઝફર બેલાવાલા હાજર રહ્યાં હતાં. આજે આ અરજીની સુનાવણી આગામી તા. ૨૯-૧૦-૨૦૨૬નાં રોજ રાખવાની સાથે કોર્ટે સુનાવણી વખતે તપાસ અધિકારીને હાજર રહેવા નિર્દેશ આપ્યો હતો.

# પાંડેસરામાં બિલ્ડિંગની મીટર કેબિનમાં લાગેલી આગથી અફરાતફરી

**આગમાં** મીટરો બળીને ખાખ, લોકોમાં ભય

સુરતઃ પાંડેસરા ચીકુવાડી રોડ સ્થિત હરિઓમ સોસાયટી નજીક મીટર કેબિનમાં શોર્ટ સર્કિટ થવાથી ફાટી નીકળેલી ભીષણ આગ અઢી કલાકની જહેમત બાદ કાબૂમાં આવી હતી. રહેઠાણ વિસ્તારમાં લાગેલી આ આગથી સ્થાનિકોમાં થોડા સમય માટે ભયનો માહોલ છવાઈ ગયો હતો.

પ્રાપ્ત જાણકારી મુજબ રવિવારે પાંડેસરા ચીકુવાડી રોડ પર આવેલી હરિઓમ સોસાયટી નજીક અમરદેવી દાસ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થાપિત મીટર પેટીમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. રહેણાંક વિસ્તાર વચ્ચે બનેલી આ ઘટનાને કારણે આગની જ્વાળાઓ જોઈને બિલ્ડિંગના રહેવાસીઓ તેમજ આસપાસના સ્થાનિક લોકોમાં ભારે ભય અને ફફડાટ ફેલાઈ ગયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ ફાયર કંટ્રોલ રૂમની ટીમ કાફલા સાથે ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ સતત અંદાજિત અઢી કલાકની ભારે જહેમત અને પાણીનો મારો ચલાવીને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. ભીષણ આગની દુર્ઘટનામાં બિલ્ડિંગના તમામ 10થી 12 વીજ મીટરો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. જોકે, સદનસીબે આ અકસ્માતમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઇ ન હતી. જેના કારણે તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

# ઓડિશાના પ્રબુદ્ધ નાગરિકો સુરતનાં પ્રવાસન સ્થળોની મુલાકાતે

**પ્રથમ** દિવસે સુરતના ચોક બજારનો ઐતિહાસિક કિલ્લો, સિટીલાઇટ સાયન્સ સેન્ટર, ગોપી તળાવ અને વેસુના ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર-ICCCની મુલાકાત લીધી

સુરતઃ ગુજરાત ટુરિઝમના ઉપક્રમે ઓડિશાના કાલાહાંડી, રાયગોડા, બલાંગીર અને નુવાપુરા જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો તા.૨૬થી ૩૧ ઓક્ટોબર સુધી સુરત સહિત દક્ષિણ ગુજરાતનાં પ્રવાસન સ્થળોની મુલાકાતે છે. આ મુલાકાતના પ્રથમ દિવસે સુરતના ચોક બજારનો ઐતિહાસિક કિલ્લો, સિટીલાઈટ સાયન્સ સેન્ટર, ગોપી તળાવ અને વેસુના ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર- ICCCની મુલાકાત લીધી હતી અને સૌએ ગુજરાતી ભોજન, સુરતી લોચો, ઘારીનો આસ્વાદ પણ માણ્યો હતો. સુરત મનપા અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓએ સુરતની ભૂમિ પર તેઓને આવકાર્યા હતા અને વિવિધ પ્રવાસન સ્થળોના ઈતિહાસ અને વર્તમાન પરિપ્રેક્ષ્ય અંગે અવગત કર્યા હતા. રાજનીતિ, સમાજસેવા, વકીલાત, અભ્યાસ, પત્રકારત્વ અને રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા આ ઓડિશાવાસી નાગરિકો સુરત અને દક્ષિણ ગુજરાતના સ્થાનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રવાસન, સુરતનું સ્થાપત્ય, ખાનપાન, ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાને નજીકથી નિહાળશે. ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને જાણશે અને માણશે તેમજ પરસ્પર સંવાદ, સહકાર અને ટીમ વર્ક દ્વારા નવી શીખ અને અનુભવો મેળવશે અને ઓડિશા જઈ સ્વઅનુભવો મિત્રો, પરિજનો, ગ્રામ, નગરજનો અને અન્ય નાગરિકો સાથે શેર કરશે. ગુજરાતની અભૂતપૂર્વ શાંતિ, સુખાકારી, વિકાસની અનૂભૂતિ કરી પ્રગતિની શક્તિને સમજશે.

### ચંદી પડવા પર સુરતમાં ૨૫૦૦થી વધુ ભિક્ષુકોને ઘારી-ભૂસું પીરસશે મહાવીર અન્નક્ષેત્ર



સુરતઃ સુરતના લોકપ્રિય ચંદી પડવા પર્વે તહેવારની મીઠાશ જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાના હેતુથી ગોપીપુરા સ્થિત શ્રી મહાવીર અન્નક્ષેત્ર દ્વારા ૨૫૦૦થી વધુ ભિક્ષુકોને ઘારી, ભુસું અને ભોજન પીરસવામાં આવશે. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શહેરનાં ૧૪ સ્થળોએ ભોજનરથ મારફતે નિઃશુલ્ક વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ લહેરુભાઈ ચાવાળાના જણાવ્યા અનુસાર, ભિક્ષાવૃત્તિ દ્વારા જીવનનિર્વાહ કરતા લોકો પણ સમાજનો જ હિસ્સો છે અને તેમને પણ તહેવારોની ખુશીઓ માણવાનો અધિકાર છે.

### હજીરામાં AM/NS ઈન્ડિયાના વિશેષ સ્ટીલથી બનેલું INS માંગરોળ નૌકાદળમાં સામેલ



સુરતઃ AM/NS India કંપની દ્વારા હજીરા ખાતે ઉત્પાદિત 100 ટકા વિશેષ સ્ટીલમાંથી બનેલું એન્ટી-સબમરીન યુદ્ધજહાજ INS માંગરોળને 12 ઓક્ટોબરે મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું. કોચીન શિપયાર્ડ લિમિટેડ દ્વારા 80 ટકાથી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલા આ યુદ્ધજહાજમાં હજીરાના સ્ટીલનો ઉપયોગ થયો છે. AM/NS Indiaના ડિરેક્ટર અને વાઇસ પ્રેસિડેન્ટ (સેલ્સ એન્ડ માર્કેટિંગ) રંજન ધરના જણાવ્યા મુજબ, કંપની ભારતીય નૌકાદળ માટે નિર્માણાધીન આઠેય ASW-SWC યુદ્ધજહાજો માટે 100 ટકા વિશેષ સ્ટીલ પૂરું પાડી રહી છે.